સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારોને
કોમર્શિયલ પાઈલટ લાઈસન્સ/ટ્રેઈની પાઈલટની તાલીમ
માટે નાણાંકીય લોન આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:- સશપ/૧૧૯૭/ન.બા.પ/અ.
તારીખ:-૨૦-૩-૧૯૯૯.

વંચાણે લીધું :-(૧) નિયામકશ્રી વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા.૨૪/૧/૯૭નો પત્ર ક્રમાંક:- નિજાક/શિક્ષણ/૯૬-૯૭/૨૪૯૮.

ઠ રા વ :-

સામાજિક શૈક્ષણિક પછાત વર્ગના લોકો માટે શિક્ષણની સુવિધા જેમ જેમ વધતી જાય તેમ તેઓ સરકારી નોકરીઓ ઉપરાંત વ્યાવસાયિક તાલીમમાં પણ જોડાતા હોય છે. આમ છતાં પણ કોમર્શિયલ પાઈલટ લાયસન્સ/ટ્રેઈની પાઈલટ જેવા ખર્ચાળ અભ્યાસક્રમો/તાલીમ માટે પછાત વર્ગના ઉમેદવારો ભાગ્યેજ આગળ આવે છે. આવી તાલીમ દેશ તથા વિદેશમાં આપવામાં આવતી હોય છે. સામાન્ય રીતે ભારતમાં આ પ્રકારની તાલીમ લેવા પાછળ ચાર વર્ષ જેટલો લાંબો સમય જાય છે. જ્યારે વિદેશમાં આ પ્રકારની તાલીમ લેવામાં ઘણો ઓછો સમય એટલે કે છ થી દસ માસ જેટલા સમયમાં આવી તાલીમ પ્રાપ્ત કરીને કોમર્શિયલ પાઈલટ લાયસન્સ મેળવી શકાય છે. સા.શૈ.પ.વ.ના લોકોની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેઓ આ પ્રકારની તાલીમ મેળવવા માટે શકિતમાન હોતા નથી. આથી આવા ઉમેદવારોને જો સરકાર તરફથી નાણાંકીય સહાય આપવામાં આવે તો તેઓ કોમર્શિયલ પાઈલટ લાયસન્સ જેવા ઉચ્ચ પ્રકારના ટેકનીકલ તાલીમ અભ્યાસક્રમોમાં દાખલ થઈ આવા લાયસન્સ મેળવી શકે. રાજ્ય સરકારનો અભિગમ સામાજિક શૈક્ષણિક પછાતવર્ગના તેમજ પછાત વર્ગોનો ઉત્કર્ષ કરવાનો છે. આથી સામાજિક શૈક્ષણિક પછાતવર્ગના લાયક ઉમેદવારો માટે કોમર્શિયલ પાઈલોટ લાયસન્સ માટે નીચે પ્રમાણેની યોજના અમલમાં મૂકવાનું ઠરાવવામાં આવે છે.

સામાજિક શૈક્ષણિક પછાતવર્ગના લાયક ઉમેદવારોને કોમર્શિયલ પાયલોટ લાયસન્સ/ટ્રેઈની પાયલોટ તાલીમ માટે રાજ્ય સરકારની રૂા.૨.૦૦લાખની લોન વાર્ષિક ૪% વ્યાજના દરે આપવાની યોજનાને મંજુરી આપવામાં આવે છે.

આ યોજનાનો અમલ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર કરશે.

...૨...

૧. કોમર્શીયલ પાયલોટ સાયન્સની તાલીમ મેળવનાર ઇચ્છનાર ઉમેદવારે મેટ્રિકયુલેશન અથવા હાયર સેકન્ડરી અથવા તો ઈન્ડિયન સ્કુલ ઓફ સર્ટિફીકેટ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોવી જોઈએ. ઉપરાંત ઉમેદવારે જે સંસ્થામાં તાલીમ મેળવવા ઇચ્છતાં હોય તે સંસ્થાએ કોમર્શિયલ પાયલોટ તાલીમવર્ગમાં દાખલ થવા માટે નકકી કરેલ બધીજ શૈક્ષણિક, ટેકનીકલ તેમજ અન્ય જરુરી લાયકાતો ધરાવતાં હોવા જોઈએ.

૨. આવી તાલીમ આપનાર દેશ/પરદેશની સંસ્થાઓએ તાલીમાર્થીઓના પ્રવેશ માટે જે શરતો નકકી કરી હોય તે તથા આવી તાલીમ માટે જરુરી તમામ પ્રમાણપત્રો જેવા કે મેડીકલ સર્ટી., ફીટનેશ સર્ટિફીકેટ મેળવેલ હોવા જોઈએ.

૩. તાલીમાર્થી પરદેશની જે સંસ્થામાં તાલીમ મેળવે તે સંસ્થા તેમના દેશની સરકાર દ્વારા આવી તાલીમ આપવા માટે માન્ય થયેલ હોવી જોઈએ. તથા આવી તાલીમ બાદ મેળવવામાં આવતાં કોમર્શિયલ પાયલોટ લાયસન્સ, તે દેશમાં સ્વીકૃત થયેલ હોવા જોઈએ. ત્યાર પછી ભારતમાં તે લાયસન્સ સ્વીકૃતિ કરાવવા માટે તાલીમાર્થીને જરુરી કાયદેસરની કાર્યવાહી એક વર્ષની અંદર પુરી કરવાની રહેશે.

૪. તાલીમાર્થીએ તેમની તાલીમ માટે થનાર ખર્ચના અંદાજો જે તે સંસ્થા પાસેથી મેળવીને રજુ કરવાના રહેશે.

૫. તાલીમ આપનાર સંસ્થા તરફથી ઉમેદવારને પ્રવેશ મળ્યા અંગેનો સંમતિપત્ર મળ્યા બાદ જ આવી લોન સહાય મંજુર કરવામાં આવશે.

૬. આ યોજના હેઠળ લોન/સહાય મેળવનાર લાભાર્થીએ તાલીમ પુર્ણ કર્યા બાદ તેમની સેવાઓ ભારતમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે આપવાની રહેશે. જો તેઓ પરદેશમાં સ્થાયી થશે તો આવી લોન-સહાયની રકમ સંપુર્ણપણે વ્યાજસહિત ગુજરાત સરકારને પરત કરવાની રહેશે. જેમાં કોઈપણ પ્રકારની છૂટછાટ આપવામાં આવશે નહીં.

૭. આવી તાલીમ લેવા ઇચ્છતાં ઉમેદવારોના કોઈ સગાં-સબંધિ વિદેશમાં રહેતા હોય તો તાલીમાર્થીને તેઓ દ્વારા નાણાંકીય જવાબદારી માટે પુરસ્કૃત કરેલા હોવા જોઈએ નહીં.

૮. આ યોજના નીચે આપવામાં આવતી રકમ તાલીમ માટે ખરેખર જેટલી રકમની જરુરત રહેશે તેટલી પુરતી જ મર્યાદિત રહેશે. ભારતમાં તાલીમ માટે તે રકમમાં ટયુશન ફી,(Tuition fee) માટે લાયસન્સ મેળવવા માટે જરુરી ફલાઈંગ અવર્સ(Flying Hours)માટેની ફી તથા અન્ય આનુષાંગિક ખર્ચનો સમાવેશ થશે. આ બાબતમાં નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ નિર્ણય આખરી રહેશે.

૯. પરદેશમાં તાલીમ લેવા ઈચ્છાવાળા તાલીમાર્થીઓને આ યોજના હેઠળ લોન-સહાયની રકમ ચૂકવતી વખતે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા નિયત થયેલ વિનિમય દરે જ લોન-સહાયની રકમ ચુકવવામાં આવશે અને તાલીમાર્થીઓના ખ્યથાંઓ માટે રીઝર્વ બેંકની મંજુરી મેળવવાની રહેશે. રીઝર્વ બેંક જેટલા પ્રમાણમાં તાલીમ ફી (Tuition fee), નિર્વાહ ભથ્થાં (વધુમાં વધુ છ મહિના માટે) અને શરુઆતના સાધનો માટેના ભથ્થાં મંજુર કરશે તેટલા પ્રમાણમાં જ લોન-સહાયની રકમ મંજુર થઈ શકશે.

૧૦. અરજદારે સંપૂર્ણ વિગતો અને પ્રમાણપત્રો સાથેની અરજી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજય, ગાંધીનગરને આ સાથે સામેલ રાખેલ બાંહેધરી પત્રક (Agreement) તથા જરુરી જામીનખત મોકલી આપવાના રહેશે. નિયામકશ્રીએ અરજદારની રજૂઆતનો સંપૂર્ણપણે ચકાસણી કરી મંજુરી અર્થે સરકારને રજુ કરશે.

૧૧. આ યોજનાનો લાભ ફકત સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારોને જ આપવામાં આવશે.

૧૨. લાભાર્થીને લોન ચુકવણી થયાની તારીખથી એક વર્ષ પછી લોન વસુલાત શરુ કરવામાં આવશે. લાભાર્થીએ માસિક રૂ.૧,૦૦૦/- હપ્તો નિયમિત ભરવાનો રહેશે. મૂળ રકમ ભરપાઈ થયા બાદ વ્યાજ પણ આ પ્રમાણે ચુકવવાનું રહેશે.

૧૩. વિદેશમાં આવી તાલીમ લેવા જતાં ઉમેદવારોએ આવી તાલીમ પૂર્ણ કર્યા પછી ભારતમાં જ તરત જ પાછાં ફરવાનું રહેશે અને પાંચ વર્ષ સુધી ભારતમાં પાયલોટ તરીકે સેવાઓ આપવાની રહેશે, અને લોનના નિયમોનુસાર હપ્તાઓ ભરવાના રહેશે. જો તાલીમાર્થી આ શરતો પૂર્ણ કરશે તો તેઓને લોનનો અમુક ભાગ સહાય તરીકે ગણવા સરકારને અરજી કરવાની રહેશે. જે મળ્યા બાદ મૂળ લોનની રકમના મહત્તમ ૫૦% રકમ સહાય તરીકે મંજૂર કરવામાં આવશે.

....૪....

૧૪. ભારતમાં આ તાલીમ લેનાર તાલીમાર્થી પણ શરત નં.૧૩માં પ્રકારની જણાવ્યા પ્રમાણેની જોગવાઈને આધીન આવી સહાય મેળવવાને પાત્ર થશે.

૧૫. તાલીમાર્થીએ ખરેખર લોનના નાણાં ચુકવવાની તારીખથી એક મહિનાની અંદર તાલીમ શરુ કરવાની રહેશે. બાકી તાલીમાર્થીએ પોતાની તાલીમની પ્રગતિનો ત્રિમાસિક અહેવાલ તાલીમ આપતી સંસ્થામાંથી મેળવીને નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને રજુ કરવાનો રહેશે.

૧૬. અરજદારને મંજુર કરવામાં આવેલ લોન નિયમિત ભરવામાં કસૂર થશે તો ચડતર હપ્તાઓ સામે ૨.૫% લેખે દંડનીય વ્યાજ લેવામાં આવશે. દંડનીય વ્યાજ સહીત હપ્તાઓ ભરવામાં કસૂર થશે તો ચડતર બાકીની વસુલાત કરવાની તમામ રકમ તથા અન્ય ખર્ચ એક સાથે મહેસૂલી રાહે વસૂલ કરવામાં આવશે.

૧૭. લેણી બાકી રકમ નિયત સમય કરતાં વહેલી ભરપાઇ કરવા માટે અરજદારને છૂટ રહેશે.

૧૮. આ લોનની રકમનો ઉપયોગ અરજદાર જો બીજા કોઇ હેતુ માટે કરશે તો લોનની અપાયેલ રકમ ચુકવ્યાની તારીખથી (એક સાથે) દંડનીય વ્યાજ સહીત પરત વસુલ લેવામાં આવશે.

૧૯. લાભાર્થીએ બે યોગ્ય જામીન રજુ કરવાના રહેશે. (નમૂનો સામેલ છે.)

૨૦. આ યોજના હેઠળ લોનની રકમની ચૂકવણી કરતાં પહેલાં નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, અરજદાર પાસેથી ઉપર મુજબની શરતોના પરિપાલન માટે સ્વીકૃતિ (Agreement) (નમૂનો સામેલ છે.) લેવાની રહેશે અને અરજદાર તરફથી તેનું યોગ્ય પાલન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની રહેશે.

...૫....

## સ્વીકૃતિ પત્ર.

કોમર્શીયલ પાયલોટ લાઈસન્સની તાલીમ માટે લોન લેવા બાબતના સ્વીકૃતિપત્રનો નમૂનો.

(૧) અરજદારનું પુરું નામ તથા અટક :-

(૨) અરજદારના પિતા/વાલીનું પુરું નામ:-

(૩) અરજદારનું પુરું સરનામું ગામ/તાલુકો/જીલ્લો:-

(૪) અરજદારની જાતિ/પેટા જાતિ :-

(૫) શૈક્ષણિક/તાંત્રિક લાયકાત:-
( પ્રમાણપત્રની પ્રમાણિત નકલ જોડવી.)

(૬) જે જગ્યાએ તાલીમ લેવાની હોય તે સંસ્થાનું
નામ/સરનામું.

આથી હું બાંહેધરી આપું છું કે વિદેશમાં રહેતા મારા કોઈ સગાંસબંધિએ કોમર્શીયલ પાયલોટ લાયસન્સની તાલીમ માટે મારી નાણાંકીય જવાબદારી સ્વીકારેલ નથી. આ તાલીમ પુરી કર્યા બાદ હું મારી સેવાઓ ઓછામાં ઓછું પાંચ વર્ષ સુધી ભારત દેશમાં જ આપીશ અને વિદેશમાં સ્થાયી થઈશ નહીં. જો વિદેશમાં સ્થાયી થઈશ તો સરકાર દ્વારા મંજુર કરેલ લોન/સહાય વ્યાજસહિત સરકારને પરત કરીશ.

તા...............ના ઠરાવ ક્રમાંક:.સશપ/૧૧૯૭/ન.બા.૫/અ.....થી મંજુર થયેલી યોજના હેઠળ લોન/સહાય માટે જે બોલીઓ અને શરતો છે તે મને બંધનકર્તા રહેશે. લોન તથા વ્યાજ સમયસર નિયમિત હપ્તાઓમાં ભરવા કબૂલ થાઉં છું. હું લોન અને તે પેટે વ્યાજની રકમ નિયમિત રીતે ભરપાઈ ન કરું અને લોનનો બીજી રીતે ઉપયોગ કરું તો સરકાર મારી પાસેથી તે રકમ દંડનીય વ્યાજ સાથે વસુલ લેવા હકદાર રહેશે.

સહી....................

સ્થળ:-

તારીખ:-

સાક્ષી:-(૧)

(૨)

111

# લોન ભરપાઈ કરવા માટે જામીન અંગેનું ફોર્મ.

આથી હું.........................................................................
(પુરું નામ)

ઉંમર...................ગામ........................તાલુકો.......................

રહે. જીલ્લો..............................જણાવું છું કે શ્રી.............................

રહે.............................જાતે ...................................ખાતે

રહેતાને હું છેલ્લા......................વરસથી ઓળખું છું. તેઓને સા.-વા.અને

અ. વિભાગના તા..........................ઠરાવ ક્રમાંક સશપ/૧૬૯૭/ન.બા.૫/અ....................થી
મંજુર કરેલી યોજના હેઠળ લોન મળવાપાત્ર છે, તેમને જે લોન આપવામાં આવે છે તે
તેઓ સરકારશ્રીના ધારા ધોરણ પ્રમાણે અને તેમણે આપેલી બાંહેધરી મુજબ સમયસર
પાછી ભરપાઈ કરશે. આ લેખથી સર્વ લોકોને જાણ થાય કે...................
જીલ્લાના...................તાલુકાના.......................ગામના
રહેવાસી અને.......................................ખાતે નોકરી/વ્યવસાય
ધરાવતાં શ્રી.................................(હવે પછી જામીન તરીકે
ઉલ્લેખ) સરકારે નિયત કરેલ ધારાધોરણ મુજબ અને સરકારે નકકી કરેલ વ્યાજના
દરે વ્યાજ સહીત સરકારને ચુકવવાની રુ.....................-/(અંકે
રુપિયા.....................................પુરા)ની રકમ અંગે ગુજરાતના
રાજ્યપાલ(હવે જેમનો ઉલ્લેખ સરકાર તરીકે કરેલ છે) સાથે સાચી અને દૃઢ રીતે
બંધાય છે અને ઉકત રકમની સંપુર્ણ અને સાચી રીતે ચુકવણી થાય તે માટે જામીન પોતે
તેના વંશવારસો અને વહીવટીકર્તાઓ અને પ્રતિનિધિઓ આ જોખમથી દૃઢ રીતે
બંધાય છે. તેમ છતાં જો લોન લેનાર મૃત્યુ પામે કે નાદાર બની જાય કે કોઈપણ
સંજોગોમાં આ કરારની શરતોનો ભંગ કરે તો ઉકત લોનની મુળ મુદ્દલ રકમ કે
ઉકત લોનની તે સમયે વણચૂકવાયેલી બાકી રહેતી હોય તેટલી મુદ્દલ રકમ અને
તે અંગેનું વ્યાજ સરકાર જયારે માંગણી કરશે ત્યારે લોનની બાકી રહેલ રકમ
જામીન પાસેથી વસૂલ કરવાપાત્ર ગણાશે. અને તે હું અને મારા વંશવારસ ચુકવી
આપવા બંધાઈએ છીએ. સ્વીકૃતિ પત્રના અમલ માટેની જવાબદારી ઉકત કરાર હેઠળ
લોન લેનારની સાથોસાથ સંયુકત અને વ્યકિતગત રીતે આખરી પણ ગણાશે.

આ ખતની સાક્ષીરુપે ઉપર નામથી જણાવેલ જામીન શ્રી..............
...................................એ પ્રથમ સહી નીચે લખેલ
૧૯...............ના................મહીનાથી................
તારીખે આના પર પોતાની સહી કરી છે.

પૂરી સહી............................

સ્થળ:- પૂરું નામ............................

તારીખ:-

સાક્ષી:-(૧)

(૨)

રુબરુ
( રાજયપત્રિત અધિકારી )